# ‘પહેલા પુનર્વસન, પછી જ ઘર ખાલી’ આદિવાસી સમાજની માંગ

**વૈકલ્પિક** વ્યવસ્થા વિના ઘર તોડવાની કાર્યવાહીનો વિરોધ કરી નવસારીના કલેક્ટરને રજૂઆત



નવસારી: નવસારીમાં વિવિધ સરકારી વિકાસ યોજનાઓના કારણે આદિવાસી અને હળપતિ સમાજના રહેણાંક મકાનો તોડવાની સંભાવનાને લઈને સમાજમાં ચિંતા અને રોષની લાગણી જોવા મળી રહી છે. આ મુદ્દે આદિવાસી જનજાગૃતિ સમિતિના નેજા હેઠળ મોટી સંખ્યામાં સમાજના લોકો કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક પુનર્વસન આપ્યા વિના કોઈપણ પ્રકારની તોડફોડની કાર્યવાહી ન કરવા માંગ સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું.

સમિતિના અગ્રણી કમલેશ પટેલે જણાવ્યું હતું કે નવસારીના અનેક વિસ્તારોમાં આદિવાસી અને હળપતિ પરિવારો વર્ષોથી વસવાટ કરી રહ્યા છે. તેમના પાસે વીજબીલ, રેશનકાર્ડ અને અન્ય દસ્તાવેજી પુરાવા હોવા છતાં કેટલાક પરિવારોને બેઘર થવાનો વારો આવી રહ્યો છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે વિકાસનો વિરોધ નથી, પરંતુ ગરીબ પરિવારોને વૈકલ્પિક રહેઠાણ આપ્યા વિના સ્થળ ખાલી કરાવવાની કાર્યવાહી માનવતાવિહિન છે.

કલેક્ટર કચેરી ખાતે ઉપસ્થિત સમાજના આગેવાનો અને કાર્યકરોએ “જય આદિવાસી”ના નારાઓ સાથે એકતાનો સંદેશ આપ્યો હતો. સમિતિએ માંગ કરી છે કે અસરગ્રસ્ત પરિવારોને પ્રથમ કાયમી પુનર્વસન, જરૂરી સુવિધાઓ અને યોગ્ય વળતર આપવામાં આવે. જ્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થાની લેખિત ખાતરી આપવામાં નહીં આવે ત્યાં સુધી કાયદાકીય અને લોકશાહી માર્ગે લડત ચાલુ રાખવામાં આવશે. આ મુદ્દે આગામી દિવસોમાં વહીવટી અધિકારીઓ સાથે બેઠક યોજી સમાજની માંગણીઓ રજૂ કરવામાં આવશે.



# 200 આરોગ્ય કર્મચારીની સામૂહિક બદલી રોકવા માગણી

**નવસારી** જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળે ઉચ્ચ સ્તરે રજૂઆત કરી

નવસારી: નવસારી જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળ દ્વારા જિલ્લા પંચાયત પ્રમુખ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને રજૂઆત કરી તાજેતરમાં કરવામાં આવેલી 200થી વધુ આરોગ્ય કર્મચારીઓની સામૂહિક બદલીઓ રદ કરી તેમને મૂળ ફરજના સ્થળે પુનઃસ્થાપિત કરવાની માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ચોમાસાની શરૂઆત સાથે જિલ્લામાં ડેન્ગ્યુ, મેલેરિયા અને અન્ય રોગચાળાનો ભય વધે છે. હાલ ટીબી નિયંત્રણ કાર્યક્રમ, કુષ્ઠરોગ સર્વેક્ષણ, 24×7 કંટ્રોલ રૂમની કામગીરી સહિત અનેક મહત્વપૂર્ણ આરોગ્ય કાર્યક્રમો ચાલી રહ્યા છે.

સ્થાનિક વિસ્તારથી પરિચિત કર્મચારીઓ દ્વારા કામગીરી વધુ અસરકારક રીતે થઈ શકે છે. આવા સમયે મોટી સંખ્યામાં બદલીઓથી આરોગ્ય સેવાઓ અને રાષ્ટ્રીય કાર્યક્રમોની કામગીરી પર અસર થવાની સંભાવના છે. આ ઉપરાંત ઓનલાઈન પગાર પ્રણાલીમાં સર્વર સમસ્યાના કારણે પગાર ચૂકવણીમાં થતા વિલંબનો મુદ્દો પણ રજૂ કરવામાં આવ્યો હતો. કર્મચારીઓએ પગાર અને અન્ય વહીવટી પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી છે.

# શામગહાનમાં ઇંટના ભઠ્ઠાનો વેપારી લાખો પડાવી ફરાર

**ઈંટના** અલગ અલગ ઓર્ડરના એડવાન્સ પેટેના રૂ.3.18 લાખ લઈ ફોન સ્વીચ કરી રફૂચક્કર

સાપુતારાઃ ડાંગ જિલ્લાના સાપુતારા પંથકમાં ઈંટના ભઠ્ઠાના વેપારી દ્વારા સ્થાનિક આદિવાસી પરિવારો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. આ ઘટના અંગે આહવા તાલુકાના માલેગામના વતની ગોવિંદભાઈ સોન્યાભાઈ ઠાકરેએ સાપુતારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વિગતો મુજબ, ભાવનગર જિલ્લાના પાલીતાણાના વતની અને હાલ શામગહાન ખાતે ઈંટ ભઠ્ઠો ચલાવતા રમેશભાઈ છગનભાઈ ખસીયા સાથે આહવાના માલેગામના ગોવિંદભાઈ સોન્યાભાઈ ઠાકરેએ ફેબ્રુઆરી ૨૦૨૬માં મકાન બનાવવા માટે રૂ.૪ લેખે ૨૦ હજાર ઈંટો ખરીદવાનો સોદો કર્યો હતો. આ પેટે તેમણે કટકે-કટકે કુલ રૂ. ૮૦,૦૦૦ ચૂકવી દીધા હોવા છતાં વેપારીએ માત્ર ૨ હજાર ઈંટો જ પહોંચાડી હતી. બાકીની ઈંટો અંગે વારંવાર ફોન કરવા છતાં કોઈ જવાબ ન મળતા, ૨૯ મે ૨૦૨૬ના રોજ ફરિયાદી શામગહાન સ્થિત ભઠ્ઠા પર ગયા ત્યારે આરોપી રમેશભાઈ પરિવાર સાથે ત્યાંથી નાસી ગયા હોવાનું અને તેમનો ફોન સ્વિચ ઓફ હોવાનું જાણવા મળ્યું હતું. ભઠ્ઠા પર હાજર તેમના ભાગીદાર જીગ્નેશભાઈ નારીગરા અને તેમની પત્ની પણ આ અંગે અજાણ હતા.

આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરતાં સામે આવ્યું કે આરોપીએ માત્ર ગોવિંદભાઈ જ નહીં, પરંતુ પંથકના અન્ય અનેક લોકોને પણ પોતાની જાળમાં ફસાવ્યા હતા. જેમાં માલેગામના સીતારામભાઈ દેશમુખ પાસેથી રૂ.૩૦,૦૦૦, શામગહાનના સુમિત્રાબેન ચૌધરી પાસેથી રૂ.૪૦,૦૦૦, તુકારામભાઈ ગાવિત પાસેથી રૂ.૪૨,૦૦૦, સુરેશભાઈ ચૌહાણ પાસેથી રૂ. ૩૨,૦૦૦, સતી ગામના કિરણભાઈ ખંડવળ પાસેથી રૂ. ૬૪,૦૦૦ તેમજ નેહલભાઈ ઠાકરે પાસેથી રૂ. ૩૦,૦૦૦ ઓનલાઈન મેળવી વિશ્વાસઘાત કર્યો હતો. આમ, અલગ-અલગ ભોગ બનેલા પરિવારો પાસેથી કુલ રૂ.૩.૧૮ લાખની રકમ પડાવીને ઈંટ ભઠ્ઠાનો વેપારી રફુચક્કર થઈ ગયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કલ્યાણ રેલવે યાર્ડમાં કૂલી બની પોલીસે ખૂંખાર આરોપીને ઝડપી પાડ્યો

નવસારીઃ સુરતની લાજપોર જેલમાં બંધ આરોપી વર્ષ ૨૦૧૮માં વચગાળાના જામીન પર છૂટ્યા બાદ પરત ફર્યો ન હતો અને ત્યારથી ફરાર હતો. નવસારી જિલ્લા પોલીસ વડા રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ PI વી.જે. જાડેજા અને LCB ટીમ છેલ્લા છ મહિનાથી આરોપીની શોધમાં હતી. બાતમી મળી હતી કે આરોપી કુખ્યાત લૂંટારા રાકેશ પ્રેમાભાઈ વસુનીયાની ધરપકડ કરી છે. પોતાની ઓળખ છુપાવી મહારાષ્ટ્રના કલ્યાણ રેલવે યાર્ડમાં પરિવાર સાથે મજૂરી કરી રહ્યો છે. આ માહિતીના આધારે LCBની ટીમ કલ્યાણ પહોંચી હતી. રેલવે યાર્ડમાં શંકા ન જાય તે માટે પોલીસ કર્મચારીઓએ કૂલી અને મજૂરોનો વેશ ધારણ કરી ગુપ્ત વોચ ગોઠવી હતી. આરોપી નજરે પડતા જ પોલીસે ઝડપી કાર્યવાહી કરીને તેને કાબૂમાં લઈ લીધો હતો.

### ડાંગના જિલ્લા પોલીસ વડાએ લોકોના પ્રશ્નો સાંભળ્યા

સાપુતારાઃ ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા ગુરુવારે વઘઇ પોલીસ સ્ટેશન ખાતે વાર્ષિક ઇન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન તેમણે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના ટર્ન-આઉટ, ડ્રેસ કોડ, શિસ્ત તથા વ્યાવસાયિક રજૂઆતની ચકાસણી કરી હતી. પોલીસ દળની કાર્યક્ષમતા તેમજ ફરજ પ્રત્યેની નિષ્ઠાના ઉચ્ચ ધોરણો જાળવવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યુ હતુ. આ મુલાકાત દરમિયાન જિલ્લા પોલીસ વડાએ સ્ટેશન પર હાજર અરજદારો અને મુલાકાતીઓની રજૂઆતો તેમજ પ્રશ્નો રૂબરૂ સાંભળ્યા હતા અને તેમને સમયસર ન્યાય મળે તે માટે સંબંધિત અધિકારીઓને કાયદેસરની કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા. ત્યારબાદ તેમણે સ્ટાફ સાથે બેઠક યોજી હતી.

### ગણદેવામાં પરિણીતા બે પુત્રીઓ સાથે દુકાને નીકળ્યા બાદ ગુમ

બીલીમોરાઃ ગણદેવાના મોટા ફળિયામાં રહેતા હિરેનભાઈ ગીરીશભાઈ બારોટ (ઉં.વ.૩૫) પત્ની સારિકા હિરેનભાઈ બારોટ (ઉં.વ.૨૬), પુત્રી જેવીશા હિરેનભાઈ બારોટ (ઉં.વ.૧૦) અને ઈશાની હિરેનભાઈ બારોટ (ઉં.વ.૬) રહે છે. તા.૮/૬/૨૦૨૬ એ સવારે સારિકાબેન દુકાને સામાન લેવા જાઉં છું તેવું કહીને તેઓની મોપેડ ઉપર પોતાની બંને પુત્રી સાથે ગઈ હતી. જે આજ દિન સુધી ઘરે પરત ફર્યા નથી. હિરેનભાઈ બારોટએ તેમની પત્ની અને પોતાની બંને પુત્રી ગુમ થવા અંગેની જાણવા જોગ ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

### હવે ડાંગના લોકોને એક જ સ્થળેથી તમામ વસ્તુ ઉપલબ્ધ બનશે

સાપુતારાઃ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય વિજયભાઈ


ગિરીશ ભોયે

પટેલના વરદહસ્તે આહવાના સાપુતારા ચાર રસ્તા, પટેલપાડા ખાતે સ્થાયી પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના ગ્રાહકોને એક જ જગ્યાએથી શુદ્ધ પ્રાકૃતિક આહાર મળી રહે અને સ્થાનિક ખેડૂતોને તેમના ઓર્ગેનિક ઉત્પાદનોનું યોગ્ય બજાર મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે આ કેન્દ્ર શરૂ કરાયું છે. ‘આહવા તાલુકા નેચરલ ફાર્મ પ્રોડક્ટ પ્રોડ્યુસર કંપની લિમિટેડ’ (FPO) દ્વારા સંચાલિત આ કાયમી વેચાણ કેન્દ્ર પરથી નાગલી, દેશી ચોખા, કઠોળ અને બિયારણો એક જ સ્થળેથી ખરીદી શકાશે.આ લોકાર્પણ પ્રસંગે આત્મા (ATMA) પ્રોજેક્ટના ડાયરેક્ટર સંજય ભગરિયા, કૃષિ ક્ષેત્રના તજજ્ઞો, સ્થાનિક અગ્રણીઓ, ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

### ડાંગના કડમાળમાં યોજાયેલી જનકલ્યાણ શિબિરનો 421 લોકોને લાભ મળ્યો


ગિરીશ ભોયે

સાપુતારાઃ રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી સરળતાથી પહોંચાડવા અને લોકોની સમસ્યાઓનું સ્થળ પર જ નિરાકરણ લાવવા માટે આયોજિત ૧૦-કડમાળ જિલ્લા પંચાયત બેઠકની જનકલ્યાણ શિબિરનું એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ સ્કૂલ-મહાલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા સરકારની યોજનાઓ અંગે માર્ગદર્શન, અરજીઓનો સ્વીકાર અને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન કુલ ૪૨૧ લાભાર્થીઓએ મુલાકાત લઈને વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ મેળવ્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીત, નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા પંચાયતના સદસ્ય, સાજુપાડા તથા મહાલ ગ્રામ પંચાયતના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા.

# વેસ્મા ચોકડી પાસે શેરડી ભરેલો ટેમ્પો પલટી જતાં ટ્રાફિક જામ



નવસારીઃ મુંબઈ-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વેસ્મા ચોકડી નજીક શેરડી ભરેલો એક આઈશર ટેમ્પો) પલટી મારતા વેસ્માથી નવસારી તરફનો સર્વિસ રોડ આશરે એક કલાક સુધી બંધ રહ્યો હતો.

મુંબઈ તરફથી અમદાવાદ જઈ રહેલા ટેમ્પોના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા વાહન હાઈવેની પ્રોટેક્શન રેલિંગ તોડીને સર્વિસ રોડ પર ખાબક્યું હતું. અકસ્માતમાં ટેમ્પોમાં ભરેલી શેરડી રસ્તા પર વેરાઈ જતાં સમગ્ર માર્ગ અવરોધાઈ ગયો હતો. અકસ્માતના કારણે સર્વિસ રોડ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો અને વાહનોની લાંબી કતારો લાગી હતી. ટ્રાફિક નિયંત્રણ માટે કેટલાક ભારે વાહનોને વેસ્મા ચોકડી પાસેથી વૈકલ્પિક રીતે પસાર કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને તંત્રના કર્મચારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા. અકસ્માતગ્રસ્ત વાહન અને શેરડી હટાવવાની કામગીરી બાદ આશરે એક કલાકે માર્ગ ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

# 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપો: નવસારીમાં ધરણા

**ભરતી** વખતે TET ફરજિયાત નહોતું, હવે પાછળથી નિયમ લાદવો અન્યાય - શિક્ષકોની કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત

નવસારીઃ સુપ્રીમ કોર્ટ દ્વારા TET સંબંધિત રિવ્યૂ પિટિશન ફગાવાયા બાદ નવસારીમાં 2010 પહેલાં નિમણૂક પામેલા શિક્ષકોના પ્રશ્ને ફરી એકવાર ચર્ચા જાગી છે. અખિલ ભારતીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્યના નેજા હેઠળ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ નવસારી શહેર અને જિલ્લા દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ધરણા કાર્યક્રમ યોજી TET મુક્તિની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જિલ્લા પ્રમુખ દિપેશભાઈ ભગતના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં શિક્ષકોએ જણાવ્યું હતું કે તેઓ સુપ્રીમ કોર્ટના નિર્ણયનો સંપૂર્ણ આદર કરે છે, પરંતુ 23 ઓગસ્ટ 2010 પહેલાં ભરતી પામેલા શિક્ષકોની નિમણૂક તે સમયના નિયમો મુજબ કાયદેસર રીતે કરવામાં આવી હતી. તે સમયે TET પરીક્ષાની કોઈ જોગવાઈ અમલમાં ન હોવાથી વર્ષો બાદ આવા નિયમો લાગુ કરવાથી હજારો શિક્ષકોના સેવાકીય હિતોને અસર પહોંચી રહી છે.

આવેદનપત્રમાં રજૂઆત કરવામાં આવી હતી કે દાયકાઓથી વિદ્યાર્થીઓના ઘડતરમાં મહત્વનું યોગદાન આપતા શિક્ષકોના અનુભવ, વરિષ્ઠતા અને સેવા સુરક્ષાને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકાર દ્વારા વિશેષ નીતિગત નિર્ણય લેવામાં આવે. NCTEની માર્ગદર્શિકામાં જરૂરી સુધારા કરી 2010 પહેલાં નિમણૂક પામેલા શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી હતી.

# ખેડૂતો હવે 9મી સુધી રજિસ્ટ્રેશન કરાવી શકશે

સાપુતારાઃ ડાંગ જિલ્લાના બાગાયતદાર ખેડૂતોએ વર્ષ ૨૦૨૬-૨૭ માટે નવીન આઇ ખેડૂત પોર્ટલ ૨.૦ પર અરજી કરી મહતમ લાભ લઇ શકે તે માટે આઇ ખેડૂત પોર્ટલ પર બાગાયત ખાતાની નવી યોજના (૧) બહુસ્તરીય પધ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ (૨) ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવતાયુકત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમની યોજના માટે આઈ-ખેડૂત પોર્ટલ પર ડાંગ જિલ્લાના ખેડૂતોને ઓનલાઈન અરજી મેળવવા માટે સમયમર્યાદા લંબાવી તા.૦૯/૦૭/૨૦૨૬ સુધી ખૂલ્લું મૂકવામાં આવ્યું છે. બાગાયતદારોએ યોજનાની સહાય લેવા માટે નવીન આઇ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર નોંધણી કર્યા બાદ જ ખેડૂતો અરજી કરી શકશે. અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રિન્ટ લઇ ખેડૂતોએ પોતાની પાસે રાખવાની રહેશે. જેની નકલ મંજૂરી મળ્યા બાદ ક્લેઇમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સાથે દિન-૭માં ડાંગ જિલ્લાના નાયબ બાગાયત નિયામકની કચેરી આહવા-ડાંગ ખાતે જમા કરાવાની રહેશે.તેમજ વધુ માહિતી માટે આપના તાલુકાના બાગાયત અધિકારી તથા નાયબ બાગાયત નિયામક આહવા-ડાંગ ફોન નં.૦૨૬૩૧-૨૨૧૨૭૩ ઉપર સંપર્ક સાધવો તેમજ યોજનાની વધુ માહિતી માટે આઇ-ખેડૂત પોર્ટલ www.ikhedut.gujarat.gov.in વેબ સાઈટ પર જોવા નાયબ બાગાયત નિયામક આહવા-ડાંગની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જમીન ગુમાવનારાને બુલેટ ટ્રેનમાં મફત મુસાફરી આપવા માંગ

ઘેજઃ ચીખલી તાલુકાના વંકાલ ગામના ભાજપના જીલ્લા કિસાન મોરચાના હોદ્દેદાર દ્વારા અમદાવાદ મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં જમીન ગુમાવનારા પરિવારોને બુલેટ ટ્રેનમાં વર્ષમાં બે વખત વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવામાં આવે તેવી લેખિત રજૂઆત કેન્દ્રીય મંત્રી અને વલસાડ સાંસદને કરવામાં આવી છે.

વંકાલ ગામના જિલ્લા ભાજપના કિસાન મોરચાના હોદ્દેદાર દિપકભાઈ સોલંકી દ્વારા કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ અને વલસાડ ડાંગના સાંસદ ધવલ પટેલને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, ચીખલી તાલુકાના વંકાલ ગામ સાહિત નવસારી જિલ્લામાંથી અમદાવાદ મુંબઈ બુલેટ ટ્રેન પસાર થનાર છે, ત્યારે આ પ્રોજેક્ટમાં અનેક ખેડૂતોની સોનાની લગડી સમાન મહામૂલી પિયતવાળી જમીન અને આવકનો મુખ્ય સ્ત્રોત એવા વર્ષોની મહેનતથી ઉછેરવામાં આવેલા આંબાની કલમ અને ચીકુના પણ સંખ્યાબંધ ઝાડો પણ કપાતા આવક પણ ગુમાવવા પડી છે. બીજી તરફ સરકાર દ્વારા માતબર વળતર પણ ચૂકવવામાં આવતા ખેડૂતોએ રાજીખુશીથી જમીન આપી દીધી હતી. આ સ્થિતિમાં આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં જમીન મિલકત ગુમાવનારા ખેડૂત પરિવારોને વર્ષમાં બે વખત બુલેટ ટ્રેનમાં વિનામૂલ્યે મુસાફરી માટે જરૂરી પાસ સહિતની વ્યવસ્થા કરાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.


